સચિવાલય વિધાનસભા વચ્ચેનો બ્રિજ તોડવાની કામગીરી પૂરજોશમાં

ધરતીકંપ બાદ બિનઉપયોગી બ્રિજ નવા બ્લોક નિર્માણમાં પણ અવરોધક હોવાથી તંત્રએ નિર્ણય લીધો

ગાંધીનગર, તા. ૧૭

નવા સચિવાલય સંકુલમાં વિધાનસભાથી બ્લોકને જોડતા બ્રિજને હાલ તોડી પાડવાનું કામ હાથ ધરાયું છે. દાયકા પૂર્વે આવેલા ધરતીકંપ બાદ બિનઉપયોગી બનેલો આ બ્રિજ નવા બે બ્લોક નિર્માણની કામગીરીમાં અવરોધક હોવાનું સ્પષ્ટ થતા આખરે તંત્ર દ્વારા દાયકાઓ જૂના બ્રિજને તોડી પાડવાની કાર્યવાહી હાથ ધરાઈ છે.

વર્તમાન સમયમાં સરકારી કચેરીઓને પણ કોર્પોરેટ લૂક આપવાનું કામ તબક્કાવાર હાથ ધરવામાં આવ્યું છે. જ્યારે સમગ્ર રાજયની વહીવટી ગતિવિધિઓથી ધમધમતા નવા અને જૂના સચિવાલયમાં પણ નવીન બ્લોકસ બનાવવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. નવા સચિવાલયમાં પણ બ્લોક નિર્માણની કામગીરીને અનુલક્ષી તડામાર ગતિવિધિઓ આરંભી દેવાઈ છે. આ તબક્કે તંત્ર દ્વારા બ્લોક નિર્માણમાં નડતરરૂપ બનતા બ્રિજને તોડી પાડવાનું કામ હાથ ધરાયું છે.

નવા સચિવાલયના બ્લોકની વિધાનસભાને જોડતો આ બ્રિજ દાયકા પૂર્વેના સમયમાં વિનાશક ધરતીકંપ આવ્યો ત્યાર પછી સલામતીની દૃષ્ટિએ યોગ્ય ન હોવાથી બિનઉપયોગી સ્થિતિમાં હોવાનું ચિત્ર ઉપસી આવ્યું હતું. વિભાગના અંતરંગ સૂત્રોના જણાવ્યા અનુસાર નવા બે બ્લોક બનાવવાની કામગીરીમાં પણ બિનઉપયોગી બ્રિજ નડતરરૂપ હોવાનું ધ્યાને આવતા આખરે રજાના દિવસોમાં આ કામગીરી હાથ ધરવામાં આવી છે.

નગરના મુખ્ય માર્ગો પર સર્કલ ટુ સર્કલ ઍન્ટ્રી રાખવા વિચારણા

કોસ રોડ બંધ કરવા સહિત ટ્રાફિકની અવર-જવર સરળ કરવા સર્વિસ રોડ બનાવવા પણ દરખાસ્ત કરાશે

ગાંધીનગર, તા. ૧૬

શહેરના મુખ્યમાર્ગોપર સર્કલથી સર્કલ એન્ટ્રી ખુલ્લી રાખી માર્ગચાળે આવતા કોસ રોડ બંધ કરવા સહિત ટ્રાફિકની અડચણ દૂર કરવા સે. ૨૨ થી ઘ-૫ વિસ્તારમાં સર્વિસ રોડ બનાવવા સંદર્ભે તંત્ર દ્વારા પ્રાથમિક તબક્કે અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. જ્યારે ટૂંક સમયમાં આ અંગેની દરખાસ્ત તૈયાર કરી વિભાગને સુપ્રત કરવામાં આવશે. શહેરના ખુલ્લા અને પહોળા માર્ગોપર માર્ગસલામતીના નામે મીંડું ચિતરાયું છે. જેમાં મુખ્યમાર્ગોપર ખુલતા કોસ રોડ અને કોમર્શિયલ કોમ્પલેક્ષ આવાસના વિસ્તારમાં વધતા ટ્રાફિક વચ્ચેઅડેધડ પાર્ક થતા વાહનોના લીધે ટ્રાફિકને લગતા અનેક પ્રશ્નો ઉદ્‌ભવતા હોવાનું ચિત્ર સ્પષ્ટ થયું છે. શહેરના કોમર્શિયલ વિસ્તારમાં આ સ્થિતિ નિવારવા નિયત સ્થળોએ તંત્ર દ્વારા પાર્કિંગ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. પરંતુ સે. ૨૨ થી ઘ-૫ વિસ્તારમાં પાર્કિંગ વ્યવસ્થા અને સર્વિસ રોડના અભાવે રોજબરોજ ટ્રાફિકને લગતા અનેક પ્રશ્નો ઉદ્‌ભવતે છે. જેને અનુલક્ષી આ વિસ્તારમાં મુખ્યમાર્ગ પરના ટ્રાફિકની અવર-જવર સરળ કરવા સર્વિસ રોડ બનાવવાની પ્રાથમિક વિચારણા હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત નગરના મુખ્યમાર્ગોપર કોસ રોડ બંધ કરવાનું પણ આયોજન વિચારવામાં આવી રહ્યું છે. વધુમાં મુખ્યમાર્ગોને જોડતા સેક્ટરોના બાકી રહેતા એપ્રોચ પર બમ્પ બનાવવા સહિતની કાર્યયોજના સંદર્ભેએક્ટીમેટ તૈયાર કરી વિભાગને દરખાસ્ત સુપ્રત કરવામાં આવનાર છે.

ધો. ૧૧ વિજ્ઞાન પ્રવાહમાં ગ્રાન્ટેડ શાળાઓમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓનો ભારે ધસારો

સી.એમ., આર.જી., ઝેવીયર્સ અને ગુરૂકુલ સ્કૂલમાં ધો-૧૧માં પ્રવેશ માટે પડાપડી, ડે સ્કૂલોનું આકર્ષણ ઘટયું

ગાંધીનગર, તા.૧૫

ધો-૧૦નું પરિણામ જાહેરમાં જ પ્રસિધ્ધ થયું છે. ધો-૧૧માં પ્રવેશની કાર્યવાહી ચાલી રહી છે ત્યારે શહેરની ગ્રાન્ટેડ શાળાઓમાં પ્રવેશ લેવા માટે વિદ્યાર્થીઓનો ભારે ધસારો રહ્યો છે. ડે-સ્કૂલોનું આકર્ષણ ઘટયું હોય તેવું જણાઈ આવે છે.

ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશની પ્રક્રિયા ચાલી રહી છે. છેલ્લું મેરીટ લીસ્ટ બહાર પડયા બાદ પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થશે અને અભ્યાસ શરૂ થશે.

આ વર્ષે વિદ્યાર્થીઓ અને વાલીઓનો ઝોક શહેરની ગ્રાન્ટેડ શાળાઓ તરફ વધ્યો છે. શહેરમાં સ્વનિર્ભર અને ડે-સ્કૂલો શરૂ થઈ ન હતી તે પહેલા માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે શહેરની ગ્રાન્ટેડ સ્કુલોનો દબદબો હતો. શહેરની વર્ષો જુની શાળાઓ ગુરૂકુલ સ્કૂલ, સેન્ટ ઝેવિયર્સ, કડી સંકુલની આર.જી. કન્યા વિદ્યાલય અને શેઠ સી.એમ. હાઈસ્કુલે તેનું ધોરણ વર્ષોથી જાળવી રાખ્યું હતું. છેલ્લા ત્રણ ચાર વર્ષથી શહેરમાં ડે સ્કુલોની બોલબાલા વધી હતી. શ્રેષ્ઠ સુવિધાઓથી આકર્ષાઈને વિદ્યાર્થીઓ ડે-સ્કુલો તરફ વળ્યા હતા. આ ઉપરાંત બહારગામના ઘણા વિદ્યાર્થીઓ ડે સ્કુલોમાં પ્રવેશ મેળવતા હતા. જો કે આ ટ્રેન્ડમાં આ વર્ષે ઘટાડો નોંધાયો છે. તેનું કારણ છે કે હવે શહેરમાં ડે સ્કુલોની સંખ્યા ચારથી વધીને આઠ સુધી પહોંચી છે. આ ઉપરાંત શહેરના આઉટસ્કર્ટ વિસ્તાર ગણાતા પેથાપુર, ડભોડા, રાંધેજા જેવા વિસ્તારોમાં પણ ડે-સ્કુલો શરૂ થઈ ગઈ છે. ઉત્તર ગુજરાતના જે શહેરોમાંથી ડે સ્કૂલોને વિદ્યાર્થીઓ મળતા હતા તે વિસ્તારોમાં પણ હવે ડે-સ્કુલો શરૂ થતા વિદ્યાર્થીઓ ઘટયા છે. આ શાળાઓની ફીમાં વધારો થતા શહેરના મધ્યમવર્ગીય પરિવારોને તેમનું બાળક ગ્રાન્ટેડ સ્કુલોમાં ભણે તો જ પોષાય તેમ હોવાથી ગ્રાન્ટેડ સ્કુલોનો ક્રેઝ વધ્યો છે. ડે-સ્કુલોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીને પણ ખાનગી ટયુશનની ક્યારેક જરૂર પડતી હોવાથી વાલીઓ એવું વિચારે છે કે ટયુશન જ રાખવા હોય તો બાળકને ગ્રાન્ટેડ સ્કુલમાં જ એડમિશન અપાવવું જોઈએ. વળી છેલ્લા કેટલાક વર્ષોમાં ગ્રાન્ટેડ શાળાઓએ તેમનું પરિણામ જાળવી રાખ્યું હોવાથી તેમની માંગ વધુ છે. શહેરની ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહની ચાર ગ્રાન્ટેડ શાળાઓમાં પ્રવેશ માટેનો ધસારો એ વાત પુરવાર કરે છે કે ગ્રાન્ટેડ શાળાઓનો સમય કરી આપ્યો છે.

સિવિલ હોસ્પિટલમાં ન્યુટ્રીશ્યન રિહેબીલીટેશન સેન્ટર કાર્યરત થયું

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ન્યુટ્રીશ્યન રીહેબીલીટેશન સેન્ટર કાર્યરત કરવામાં આવ્યું છે જે જિલ્લાનું પ્રથમ કેન્દ્ર છે.

જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા શરૂ કરવામાં આવેલા આ કેન્દ્રમાં કુપોષણથી પિડાતા બાળકોને બાળરોગોની સારવાર સહિતની મહત્વની સેવાઓ આપવામાં આવશે એટલુ જ નહિ અહિ બાળક ૨૦ દિવસ સુધી રાખી અને તેને સંપૂર્ણ પોષણયુક્ત આહાર આપવામાં આવશે અને કુપોષણથી મુક્ત કરવામાં આવશે.

જિલ્લામાં કુપોષણથી પિડાતા બાળકોને સ્વસ્થ બનાવવા માટે તંત્રએ કમ્મર કસી છે. આ સેન્ટર સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં ચાલુ કરાતા જ એન.આર.એચ.એમ.-ના ડિરેક્ટર અંજુ શર્માએ તેની મુલાકાત લઈ કેટલાક સૂચનો પણ કર્યા હતા જેનો અમલ પણ શરૂ કરી દેવામાં આવ્યો છે.

ગાંધીનગર જિલ્લામાં અતિકુપોષિત બાળકોની સંખ્યા લગભગ ૨૧૦૦ જેટલી છે તંત્રે કુપોષણમાંથી બાળકોને સુરક્ષિત બનાવવા માટેના હાથ ધરેલા પ્રયાસોને સારી સફળતા મેળવી છે અને રાજ્યકક્ષાએ પણ અન્ય જિલ્લાઓની તુલનામાં સારી કામગીરી થઈ છે.

જિલ્લામાં અતિ કુપોષિત વર્ગના ૨૧૦૦ જેટલા બાળકોને આ સેન્ટરમાં આવરી લેવામાં આવશે. હાલ જિલ્લામાં ચાર સી.એન.ટી.સી. સેન્ટરો પણ કાર્યરત છે. આ એન.આર.સી. સેન્ટર ચાલુ કરવામાં આવતાં બાળકોના આરોગ્યની સંભાળમાં વધુ એક નવુ કદમ તંત્રના પ્રયાસોથી હાથ ધરાયું છે. અહિ બાળરોગ નિષ્ણાતની સેવાઓ પણ ઉપલબ્ધ બનશે.

સે-૧૪માં કોમ્પ્યુટર ટીચરે પંખે લટકી ગળાફાંસો ખાધો

ગોકુળપુરા વિસ્તારમાંથી પણ મહીલાનો મૃતદેહ મળી આવ્યા

ગાંધીનગર, તા.૧૭

સે-૧૪માં રહેતા કોમ્પ્યુટર ટીચરે કોઈક કારણોસર પોતાના ઘરે પંખાએ દોરડું બાંધી ગળે ફાંસો ખાતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. જ્યારે ગોકુળપુરા વિસ્તારમાં પણ ૩૭ વર્ષિય મહિલાનો મૃતદેહ મળી આવતા મહિલાના રહસ્યમય મોત સંદર્ભે સે-૭ પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર સે-૧૪માં એમ/૫૮/૨૦૫માં રહેતા અજીતસિંગ નરેશપ્રસાદસીંગ (ઉ.વ. ૩૨) આજે સવારે પોતાના ઘરે દોરડા વડે પંખા સાથે લટકી ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. ઈન્જીનીયરીંગ ખાતે કલાસીસમાં કોમ્પ્યુટર ટીચર તરીકે કામ કરતા યુવા અજીતસિંગ મૂળ બિહારના વતની હતા. છેલ્લા કેટલાક સમયથી ઉદાસ રહેતા યુવાને કોઈક કારણોસર આ પગલું ભરતા સે-૭ પોલીસના જમાદાર કાનાભાઈએ બનાવ સંદર્ભે વધુ તપાસ હાથ ધરી છે. જ્યારે આ મામલે એફ.એસ.એલ.ની પણ મદદ લેવામાં આવી છે.

જ્યારે ગોકુળપુરા વિસ્તારમાં પણ છાપરામાં રહેતા ૩૭ વર્ષીય નર્મદાબેન પ્રભુભાઈ ભીલ્લો મૃતદેહ મળી આવતા સે-૭ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. સી. કે. ખરાડીએ વધુ તપાસ હાથ ધરી છે. જો કે પ્રાથમિક તબક્કે પોલીસને મહિલાનું મોત આત્મહત્યાથી થયું હોવાનું સ્પષ્ટ ન થતા આ મામલે મોતની યોગ્ય તપાસ માટે વિસેરા લઈ એફ.એસ.એલ. તપાસ માટે મોકલી દેવાયા છે.

ખૂણે ખાંચરેથી

● ગાંધીનગર શહેરના સહકારી અગ્રણી સ્વ. વિનોદ જોશીની આજે પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે પ્રાર્થના સભાનું આયોજન હોટલ હવેલી ખાતે સાંજે ૪ થી ૬ કરવામાં આવ્યું છે. ● ભારત વિકાસ પરિષદની ગાંધીનગર શાખાના મંત્રી તરીકે હુ. મેઘાવી વણાશિયાની પસંદગી થતાં રાજયમાં તેઓ પ્રથમ મહિલા મંત્રી બન્યા છે. ● ગાંધીનગર જિલ્લા આયોજન મંડળની આજે મહત્વની બેઠક પ્રભારી મંત્રી શ્રી જયસિંહ ચૌહાણની અધ્યક્ષતામાં મળશે. ● ગાંધીનગર શહેર ભાજપની કારોબારી સમિતિની મહત્વની બેઠક સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ખાતે મળી હતી. ● આજે પૂર્વ મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલના નિવાસસ્થાને અસંતુષ્ટ ભાજપના આગેવાનોની બેઠક મળનાર હોઈ રાજકીય ઉત્તેજનાઓ જોવા મળી રહી છે.

સેક્ટર-૨૮ જીઆઈડીસીની દિવાલનો વિવાદ ઉગ્ર બન્યો છે : પાંચની અટકાયત

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર, સેક્ટર-૨૮ જી.આઈ.ડી.સી.ની સુરક્ષા દિવાલના મુદ્દે આજે વધુ એક વખત વિવાદ થતાં પોલીસે ચાર મહિલા સહિત કુલ પાંચ વ્યક્તીઓની અટકાયત કરી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ જી.આઈ.ડી.સી.ની સુરક્ષા દિવાલના મુદ્દે આદિવાડાના ગ્રામજનો અને સત્તાધાળાઓ વચ્ચે બાહોરૂ પુરવાના મુદ્દે વિવાદ થયો હતો. પોલીસ રક્ષણ હેઠળ આ કામગીરી ચાલતી રહી હતી ત્યાં વિવાદ થતાં સ્થળ પરથી પોલીસે ચાર મહિલા સહિત કુલ પાંચ વ્યક્તિઓની અટકાયત કરી છે.



મેજર વિનોદચંદ્ર જોષી
જન્મ : ૨૭ મે, ૧૯૪૦ ■ નિર્વાણ : ૧૮ જૂન, ૨૦૧૧

ગાંધીનગરમાં કોંગ્રેસ તેમજ અનેક સહકારી-સામાજીક સંસ્થાઓનો પાયો નાખનારને પ્રથમ પુણ્યતિથિએ ભાવપૂર્વક શ્રધ્ધાંજલિ

આપની કર્તવ્યનિષ્ઠા, ખેલદિલી અને નિઃસ્વાર્થ સેવાભાવના તથા સમર્થ નેતૃત્વએ હંમેશા અમને રાહ ચિંધ્યો છે.
આપના સદ્‌ગુણોની સુવાસ અને આપની સ્મૃતિ અમારા હૃદયમાં સદાય અકબંધ રહેશે.

લિ.

ડો. સી. જે. ચાવડા
પ્રમુખ, ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ
જશુભા રાણા
ચેરમેન, કોંગ્રેસ સંકલન સમિતિ
લાલભાઈ પટેલ
ઉપપ્રમુખ, ગાં.જિલ્લા કોંગ્રેસ
પ્રવિણભાઈ પટેલ
ચેરમેન, સ્ટેન્ડીંગ કમિટી
વિરેન્દ્રસિંહ વાઘેલા
ચેરમેન, કારોબારી સમિતિ
વિજયસિંહ ચાવડા
ચેરમેન, આરોગ્ય સમિતિ
સદેસિંહ વી. ગાલા
સદસ્ય, જિ.પં.ગાંધીનગર
જ્યોત્સનાબેન આર. પટેલ
સદસ્ય, જિ પં.ગાંધીનગર
મુકેશભાઈ પટેલ
પ્રમુખ, ગાં.શહેર કોં. સમિતિ
મહોબતસિંહ વાઘેલા
સભ્ય, ઠોર કમિટી
દેવરાજસિંહ ગાલા
વિ. નેતા, તા.પં.દહેગામ
વિક્રમસિંહ ગોલ
ચેરમેન, કારોબારી તા.પં.ગાં.

શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા
ધારાસભ્ય, મેયરજ
બાબુસિંહજી ઠાકોર
ધારાસભ્ય, માણસા
મહેન્દ્રસિંહ રાણા
મેયર, મહાનગરપાલિકા ગાં.
ભીખીબેન ભરતજી ઠાકોર
ઉપપ્રમુખ, ગાં.જિલ્લા પંચાયત
અજીતસિંહ રાઠોડ
ચેરમેન, બાંધકામ સમિતિ
અમીતભાઈ એચ. ચૌધરી
સદસ્ય, જિ.પં.ગાંધીનગર
રામાજી વાઘાજી ઠાકોર
સદસ્ય, જિ.પં.ગાંધીનગર
હીનાબેન એચ. પટેલ
સદસ્ય, જિ.પં.ગાંધીનગર
જુગાજી ઠાકોર
સભ્ય, ઠોર સમિતિ
જગદીશભાઈ પટેલ
પ્રમુખ, માણસા તા.કોં. સમિતિ
સજ્જનસિંહ ચાવડા
વિ.પ.નેતા, તા.પં.માણસા
કલુસિંહ વાઘેલા
પ્રમુખ, ન.પા.પેથાપુર

શ્રી સુરેશભાઈ પટેલ
ધારાસભ્ય, કલોલ
અશ્વિનભાઈ બારોટ
પ્રવક્તા, જિલ્લા કોંગ્રેસ સમિતિ
સુશુકભાઈ પરમાર
ડે.મેયર, મહાનગરપાલિકા ગાં.
ગાભુસિંહ રાઠોડ
ચેરમેન, શિક્ષણ સમિતિ
ગાભાજી ઠાકોર
ચેરમેન, ખેતીવાડી સમિતિ
અરવિંદસિંહ એ. સોલંકી
સદસ્ય, જિ.પં.ગાંધીનગર
નટવરસિંહ બી. રોઠાડ
સદસ્ય, જિ.પં.ગાંધીનગર
આનંદીબેન કે બિહોલા
સદસ્ય, જિ.પં.ગાંધીનગર
ગમાજી ઠાકોર
પ્રમુખ, કલોલ તા.કોં. સમિતિ
બાબુજી ઠાકોર
પ્રમુખ, ગાં.તા.કોં. સમિતિ
મહોતજી ઠાકોર
ઉપપ્રમુખ, તા.પં.ગાંધીનગર
કામીનીબેન બી. રાઠોડ
પ્રમુખ, ન.પા.દહેગામ

મંગીબેન દિલીપભાઈ પટેલ
પ્રમુખ, જિલ્લા પંચાયત ગાંધીનગર
હિમાંશુભાઈ પટેલ
મંત્રી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
પંકજભાઈ પટેલ
મંત્રી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
સુર્યસિંહ કામી
પ્રવક્તા, ગાં.જિ.કોં. સમિતિ
વાઘુભાઈ મનસુરી
સભ્ય, કોર કમિટી
શ્રીમતી શારદાબેન મકવાણા
ચેરમેન, સામાજિક ન્યાય સમિતિ
શ્રીમતી સમીલાબેન પટેલ
ચેરમેન, મહિલા અને બાળ વિકાસ
સવલાજી રાઠોડ
સદસ્ય, જિ.પં.ગાંધીનગર
ઉષાબેન એમ. પટેલ
સદસ્ય, જિ.પં.ગાંધીનગર
બાબુસિંહ ગાલા
પ્રમુખ, દહેગામ તા.કોં. સમિતિ
રશ્મિજી ઠાકોર
વિ.પ.નેતા, તા.પં.કલોલ
સેંધાજી ઠાકોર
સભ્ય, કોર કમિટી

તથા ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ પરિવાર

ADMISSION NOTICE
BACHELOR IN VFX & ANIMATION
In alliance with MGU - Recognised by Distance Education Council (DEC) and Tripartite Committee of UGC-AICTE-DEC
ELIGIBILITY CRITERIA
• 10+2 pass or equivalent (any stream) • 10+IPP
MGU Education Pvt. Ltd. Maharaja Ganthi University www.mgu.edu
ARENA ANIMATION
Ahmedabad Centres
C.G.ROAD : 9824033133
MANINAGAR : 9998810040
Paying Guest Facility Available

ADMISSION NOTICE
BACHELOR OF COMPUTER APPLICATION (BCA) DEGREE
In alliance with MGU - Recognised by Distance Education Council (DEC) and Tripartite Committee of UGC-AICTE-DEC
ELIGIBILITY CRITERIA
• 10+2 pass or equivalent (any stream) • 10+IPP
MGU Maharaja Ganthi University www.mgu.edu
Aptech Distance Learning Centre
Ahmedabad Centres
C.G.ROAD: 079-40326000

ફર્નિચર ભાડે મળશે.
ફ્રીજ, ટી.વી., સોફાસેટ, ડાઈનીંગ ટેબલ, તિજોરી, કોમ્પ્યુટર ટેબલ, એ.સી., વગેરે ઘર વપરાશનું તેમજ ઓફીસનું ફર્નિચર ભાડે મળશે.
મો. : ૯૮૭૯૮ ૩૪૯૯૩
મો. : ૯૮૨૫૦ ૫૧૨૫૬

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જૂના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT BIRLA TYRES Unbreakable
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઘ.) ૨૩૨૬૧૧૬૩, ૩૨૦૬૦૫૨૨, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨,

SANGHI CEMENT
KISAN
VINAYAK 500 TMT BARS - ISI
SANGHI STEEL - ISI
BENELAVE
R.FIXIT FOR HEALTHY CONSTRUCTION
TATA STEEL • PIPES • SHEETS
ashirvad C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૦૦૮, ૯૮૨૫૪૩૨૫૬
સેક્ટર-૨૬, ટાટા ઓકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૫૫૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ પોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com